# સરળ ભક્તિથી મળે છે ભગવાનની કૃપા

ધર્મરંગ
વ્યોમા સેલર


ભક્તિ એ ભગવાન સાથે જોડાવાનો સૌથી સરળ અને શ્રેષ્ઠ માર્ગ માનવામાં આવે છે. ભક્તિ માટે મોટા યજ્ઞો, કઠીન તપસ્યાઓ કે વિશેષ જ્ઞાનની જરૂર નથી. નિષ્કપટ હૃદય, શ્રદ્ધા અને પ્રેમથી ભગવાનનું સ્મરણ કરવું એ જ સાચી અને સરળ ભક્તિ છે. આપણાં શાસ્ત્રોમાં પણ જણાવાયું છે કે ભગવાન ભક્તની ભાવના જુએ છે, બાહ્ય આડંબરને નહીં.

સરળ ભક્તિનો પ્રથમ આધાર છે ભગવાનનું નામસ્મરણ. દિવસ દરમિયાન થોડો સમય કાઢીને ભગવાનના નામનો જપ કરવો જોઈએ. 'રામ', 'કૃષ્ણ','શિવ' અથવા પોતાના ઈષ્ટદેવના કોઈ પણ પવિત્ર નામનું સ્મરણ મનને શાંતિ અને પવિત્રતા આપે છે. નામસ્મરણ માટે કોઈ ખાસ સ્થળ કે સમયની જરૂર નથી. ચાલતા, ફરતા કે કામ કરતાં પણ ભગવાનને યાદ કરી શકાય છે.

બીજું મહત્ત્વનું સાધન છે પ્રાર્થના. ભગવાન સમક્ષ પોતાના મનની વાત નિખાલસપણે રજૂ કરવી એ પણ ભક્તિનું સ્વરૂપ છે. પ્રાર્થના માટે સુંદર શબ્દો જરૂરી નથી. જેમ બાળક પોતાનાં માતા-પિતાને હૃદયની વાત કહે છે, તેમ ભક્તે ભગવાન સાથે વાત કરવી જોઈએ. આવી પ્રાર્થના ભક્તના હૃદયને હળવું બનાવે છે અને ભગવાન પ્રત્યેનો વિશ્વાસ મજબૂત કરે છે.

સરળ ભક્તિ માટે સત્સંગ પણ ખૂબ ઉપયોગી છે. સંતો, મહાત્માઓ અને સારા વિચારો ધરાવતાં લોકોનો સંગ કરવાથી મનમાં સદવિચાર આવે છે. ધાર્મિક પુસ્તકોનું વાંચન, ભજન-કીર્તન સાંભળવું અને આધ્યાત્મિક ચર્ચાઓમાં ભાગ લેવાથી ભક્તિનો માર્ગ વધુ સરળ બને છે.

ભક્તિ માત્ર પૂજા-પાઠ સુધી મર્યાદિત નથી. સેવા અને પરોપકાર પણ ભક્તિનાં મહત્ત્વપૂર્ણ અંગો છે. ગરીબોની મદદ કરવી, જરૂરિયાતમંદોને સહાય આપવી, વૃદ્ધોનું સન્માન કરવું અને દુ:ખી લોકોનાં આંસુ લૂછવાં એ પણ ભગવાનની સેવા જ છે. જે વ્યક્તિ દરેક જીવમાં



ભગવાનને જુએ છે અને સૌની સેવા કરે છે, તેની ભક્તિ ભગવાનને અત્યંત પ્રિય હોય છે.

સરળ ભક્તિ માટે સત્ય, દયા અને વિનમ્રતા જેવા ગુણો જીવનમાં અપનાવવા જોઈએ. જો આપણે ભગવાનની પૂજા કરીએ પરંતુ વ્યવહારમાં ક્રોધ, અહંકાર અને કપટ રાખીએ તો ભક્તિ અધૂરી રહે છે. સાચી ભક્તિ માણસના સ્વભાવમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. ભક્તિથી હૃદયમાં પ્રેમ, કરુણા અને સહનશીલતા વિકસે છે.

ભગવાનને પ્રસન્ન કરવા માટે વૈભવી ચઢાવો જરૂરી નથી. શુદ્ધ ભાવના સૌથી મોટું અર્પણ છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે જો કોઈ ભક્ત પ્રેમથી પાન, ફૂલ, ફળ કે પાણી પણ અર્પણ કરે તો તેઓ તેને આનંદપૂર્વક સ્વીકારી લે છે. આથી સ્પષ્ટ થાય છે કે ભગવાનને વસ્તુ કરતાં ભાવ વધુ પ્રિય છે.

આજના વ્યસ્ત જીવનમાં પણ સરળ ભક્તિ શક્ય છે. સવારે ઊઠીને ભગવાનને પ્રણામ કરવા, દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરવી, થોડો સમય નામસ્મરણ માટે કાઢવો અને દિવસભર સારાં કર્મો કરવાના પ્રયત્નો કરવા - આ બધા ભક્તિના સરળ ઉપાયો છે. ભક્તિનો અર્થ દુનિયાથી ભાગી જવું નહીં પરંતુ પોતાનાં કર્તવ્યો નિષ્ઠાપૂર્વક નિભાવતાં ભગવાનને યાદ રાખવો છે.

અંતમાં કહી શકાય કે સરળ ભક્તિનો માર્ગ પ્રેમ, શ્રદ્ધા અને સદાચારથી ભરેલો છે. જે વ્યક્તિ નિષ્કપટ હૃદયથી ભગવાનનું સ્મરણ કરે છે, સારાં કર્મો કરે છે અને દરેક પરિસ્થિતિમાં ભગવાન પર વિશ્વાસ રાખે છે તેની ભક્તિ ચોક્કસપણે ફળદાયી બને છે.

ભક્તિ જેટલી સરળ અને નિખાલસ હશે એટલી જ ઝડપથી ભક્ત ભગવાનની કૃપાનો અનુભવ કરી શકશે. સંત નરસિંહ મહેતા કોઈ મોટા પંડિત કે તપસ્વી નહોતા.

તેઓ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અખૂટ પ્રેમ ધરાવતા સામાન્ય ગૃહસ્થ ભક્ત હતા. તેમણે ભક્તિને ક્યારેય કઠીન વિધિઓમાં બાંધેલી નહોતી. તેઓ પ્રેમથી શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં, ભજન ગાતાં અને ભગવાનનાં ગુણગાન કરતાં. તેમની ભક્તિ એટલી નિર્મળ હતી કે તેઓ સમાજના ભેદભાવથી ઉપર ઊઠીને દરેક માણસમાં ભગવાનનું દર્શન કરતા હતા.

એક પ્રસંગ મુજબ, નરસિંહ મહેતાના ઘરે ભારે આર્થિક તંગી હતી. છતાં તેઓ ભગવાન પર અડગ વિશ્વાસ રાખતા. જ્યારે તેમની પુત્રીના 'મામેરા'નો પ્રસંગ આવ્યો અને કોઈ વ્યવસ્થા ન હતી ત્યારે તેમણે ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના

**નરસિંહ મહેતાનું પ્રખ્યાત ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" પણ સરળ ભક્તિનો સંદેશ આપે છે. તેમાં તેઓ કહે છે કે સાચો ભક્ત એ છે જે બીજાના દુ:ખને સમજે, પરોપકાર કરે અને અહંકારથી દૂર રહે**

કરી. કહેવાય છે કે ભગવાને સ્વયં વેપારીના રૂપમાં આવીને તમામ વ્યવસ્થા કરી. આ પ્રસંગ બતાવે છે કે સાચી ભક્તિમાં વિશ્વાસ અને સમર્પણનું કેટલું મહત્ત્વ છે.

નરસિંહ મહેતાનું પ્રખ્યાત ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' પણ સરળ ભક્તિનો સંદેશ આપે છે.

તેમાં તેઓ કહે છે કે સાચો ભક્ત એ છે જે બીજાના દુ:ખને સમજે, પરોપકાર કરે અને અહંકારથી દૂર રહે.

તેમના જીવનમાંથી આપણે શીખીએ છીએ કે ભક્તિ માટે ધન, વૈભવ કે વિશેષ જ્ઞાન જરૂરી નથી. પ્રેમ, શ્રદ્ધા, સદાચાર અને ભગવાન પ્રત્યેનો અડગ વિશ્વાસ હોય તો સામાન્ય માણસ પણ મહાન ભક્ત બની શકે છે.

# સુકાયેલું અને થાપેલું

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

રખાલદાસ બાઉલ રાઢ પરગણામાં ખૂબ ફર્યો છે પરંતુ તેને તમલુક તરફ વધારે પ્રીતિ દેખાય છે.

રખાલદાસ બાઉલે કહ્યું, ''જ્યાં ગામે ગામના, પ્રદેશે પ્રદેશના લોકો, વેપારવણજ અને કામકાજ માટે આવતા હોય, ત્યાંના લોકો ચતુર, વ્યવહારકુશળ અને મિલનસાર બની ગયા હોય. અમારું તમલુક વર્ષો પહેલાં જ્યાં 84 બંદરના વાવટાવાળા વહાણો ફરકતાં તેવું બંદર હતું. તેથી અહીંના લોકોમાં તે બધા જ સદગુણો હાજર રહ્યા છે.  આ પૂર્વે રખાલદાસે આ વાતની સાબિતી માટે તાલૂ કંસારા સાથે અમારી મુલાકાત કરાવી હતી પરંતુ અમારે તો આ લીંબુમાંથી વધુ રસ મેળવવો હતો! તેથી થોડું થોડું લીંબુને વધુ નીચવવું જરૂરી હતું . અમે કહ્યું ''તું એક કંસારો બતાવી અને એ વાતને સિદ્ધ કરે તે થોડું ચાલે! શું અહીંના સામાન્ય ગરીબ માણસો પણ એટલા જ બૌદ્ધિક છે?''

તે મારી સામે જોઈને બોલ્યો, ''ચાલો, આજે તમને તે પણ પ્રતીતિ કરાવી દઉં!''

તે ઊઠ્યો અને અમે શહેરથી દૂર આવેલ એક ગોપાલક વિસ્તારમાં ગયા ત્યાં એક રાંગા ઘોષના ઘેર ગયા. ઘોષ એટલે ભરવાડ. બાઉલે



ભરવાડને સંબોધીને કહ્યું, ''આ બધા મહેમાન ગુજરાતથી આવ્યા છે.''

રાંગાએ અમને આવકાર્યા. દૂર ઊભેલ તેની પુત્રીને બંગાળીમાં કહ્યું, ''માઈ, ચાઇ બનાઉ આમાદેર ચેયે એક્ટુ બેસી ચીની દાઉ! ( ગુજરાતી: બેટા ચા બનાવજે, આપણી ચા કરતાં થોડી વધુ ખાંડ નાખજે!)''  ગુજરાતીઓ ચામાં થોડી વધુ ખાંડ નાખે, તે રંગાને ખબર હતી! તે જોઈ અમને આશ્ચર્ય થયું કે આ હજારો કિલોમીટર દૂર તમાલુકમાં રહેતા ભરવાડને કેમ ખબર પડી હશે?

ચા પીતાં પીતાં અમે તેના વાડામાં જોયું તો અડાયા છાણાં (કુદરતી રીતે સુકાયેલ છાણા)નો એક ઢગલો હતો અને હાથથી થાપેલાં છાણાંનો બીજો ઢગલો હતો.

બંને અલગ અલગ પડેલા હતા.

અમે તેને પૂછ્યું, ''આ છાણાં અને અડાયાના અલગ અલગ ઢગલા કેમ કરેલા છે?''

રાંગો બોલ્યો, ''બંનેની વેચાણ કિંમત અલગ અલગ છે, તેથી તેના જુદા જુદા ઢગલા કરેલા છે.''

પછી આગળ જે બોલ્યો તે વધુ મહત્ત્વનું છે.

''એક કહેવત છે ને, પ્રાકૃતિક ભાવે
થુકિએ જાબા જીનિસેર દામ : સબ સમય
કારો દ્વારા જીનિસેર બેસી તુલનામ! ગુજરાતી
સમગાની તડકામાં આપમેળે જે હોય
સુકાયેલું: સદા તે કરતાં સોંઘુ રહેવાનું
થાપેલું!'' આ કહેવત પછી તેણે અમને

**આ અડાયા પોતાની જાતે જ સુકાયેલા છે, તેથી સળગવામાં પેટ્રોલ જેવા ઝડપી છે, તેથી મોંઘા છે! જ્યારે છાણાં લોકો દ્વારા હાથથી દબાવી દબાવીને થાપેલાં છે, તેથી તે ઝડપથી સળગતાં નથી, તેથી સસ્તાં છે**

સમજાવ્યું કે આ અડાયા પોતાની જાતે જ સુકાયેલા છે, તેથી સળગવામાં પેટ્રોલ જેવા ઝડપી છે, તેથી મોંઘા છે! જ્યારે છાણાં લોકો દ્વારા હાથથી દબાવી દબાવીને થાપેલાં છે, તેથી તે ઝડપથી સળગતાં નથી, તેથી સસ્તાં છે.  પછી બાઉલ સામે જોઈ અને બોલ્યો, ''જુઓ ને,આ બાઉલો! તે થપાયેલ નથી, પોતાની જાતે બળીજળી અને સુકાયેલ છે! તેનો કોઈ નિશ્ચિત આકાર, ઘાટ કે પંથ ન હોય! પણ કોઈ સ્થાપિત થયેલા ધર્મ કરતાં તેનું મૂલ્ય હંમેશાં વધારે જ હોય.''  અમને છાણાં અને અડાયાનો ભાવફેરનો જવાબ તો મળી ગયો હતો પરંતુ સાથોસાથ સાવ સામાન્ય ગરીબ માણસો પણ બૌદ્ધિક છે તે વાતનો જવાબ પણ મળી ગયો! અમે 'જય ગુરુ' કહી ઊભા થયા.